પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૯ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૪ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૦૮ | ૧૯ જાન્યુઆરી, ૨૦૧૭, ગુરૂવાર ; પોષ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### નવજોત સિધ્ધુએ ઉમેદવારી પત્રક ભર્યુ



- ક્રિકેટરમાંથી કોમેડીયન બનેલ નવજ્યોત સિધ્ધુ કોંગ્રેસ તરફથી અમૃતસર (ઈસ્ટ) બેઠક પરથી વિધાનસભા માટે ઉમેદવારી નોંધાવે છે. નવજ્યોતની ઉમેદવારીથી પંજાબની ચૂંટણીમાં ગરમી આવી ગઈ છે.

### એન.ડી. તિવારી ભાજપમાં જોડાયા નથી



- ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ કોંગ્રેસી અગ્રણી એન.ડી. તિવારી ભાજપમાં જોડાયાની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે પરંતુ એનડી તિવારીએ જણાવ્યુ હતુ કે પુત્ર રોહીત શેખરને ટીકીટ મળે તે માટે ભલામણ કરવા અમીત શાહને મળ્યા હતા.

### અખિલેશ હજુ અક્કડ



- સમાજવાદી પક્ષના નામ અને નિશાન મળ્યા બાદ પણ અખિલેશ હજુ મુલાયમ પ્રત્યે અક્કડ વલણ ધરાવે છે. મુલાયમસિંહે સૂચવેલા ૩૮ ઉમેદવારોમાંથી માત્ર બે ઉમેદવારોને અખિલેશે માન્ય કર્યા છે હજુ ૩૬ના નામ પર પ્રશ્નાર્થ છે.

### ૯.૨ લાખ કરોડની નવી નોટો આર્થિક વ્યવહારમાં

- રીઝર્વ બેંકના ગવર્નર ઉર્જીત પટેલે સંસદની પબ્લીક એકાઉન્ટ સમિતિ સમક્ષ એવી માહિતી આપી હતી કે ૮મી નવેમ્બરથી આજ સુધીમાં ૯.૨ લાખ કરોડની નવી નોટો આર્થિક વ્યવહારમાં ચલણી બની છે.

### એક હજારની નવી નોટ પ્રજાસત્તાક દિને બહાર પડશે

- નાણા મંત્રાલયના અધિકૃત સુત્રોના જણાવ્યા મુજબ એક હજારની નવી નોટ લોન્ચ થઈ રહી છે. અગાઉ ૮મી નવેમ્બરે ૫૦૦ અને ૧૦૦૦ની નોટોને ચલણમાંથી રદ કરાઈ હતી.

### જ્યોર્જ બુશ હોસ્પિટલમાં



- અમેરિકાના પૂર્વ પ્રમુખ જ્યોર્જ બુશને ગંભીર બીમારીના પગલે હોસ્પિટલમાં ખસેડાયા છે. જો કે સ્થિતિ સ્થિર છે.

### કે. નરસિંહા બરતરફ

- દેશના સિનિયર આઈએએસ અધિકારી કે. નરસિંહાને ભારત સરકારે નબળી કામગીરીના કારણે બરતરફ કર્યા છે.

# ફીક્સ પગારદારોના પગારમાં જંગી વધારો

## જુદી જુદી કેડરમાં ૬૩થી ૧૨૪ ટકા સુધીનો જંગી પગાર વધારો : રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં અતિ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો : તમામ ફિક્સ પગારદારોની નોકરી સળંગ ગણાશે : કર્મચારીઓને પ્રમોશન અને ભથ્થામાં લાભ મળશે : નિર્ણયથી ૧૧૮૭૩૮ કર્મચારીને સીધો લાભ

અમદાવાદ, તા.૧૮

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારમાં ફિક્સ પગારથી નોકરી કરતા કર્મચારીઓને સાતમાં પગારપંચ મુજબના પે-મેટ્રીક્સ અનુસાર લાગૂ પડતા એન્ટ્રી લેવલના આધારે લઘુત્તમ પગારનો લાભ આપવાનો તથા તેમની નિયુક્તિ તારીખથી સેવા સળંગ ગણવાનો ખુબ જ મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે આજે કર્યો છે. જેનો લાભ અંદાજે ૧૧૮૭૩૮ કર્મચારી ભાઈ-બહેનોને મળશે અને ૧લી ફેબ્રુઆરી-૨૦૧૭થી અમલવારી કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારે રાજ્યના કર્મચારીઓના હિતમાં અનેકવિધ નિર્ણયો કર્યા છે ત્યારે વિવિધ કર્મચારી મંડળો, ધારાસભ્યો તથા સેવાભાવી સંગઠનો તરફથી રજૂઆતો મળી હતી. આજે મળેલ રાજ્યમંત્રી મંડળની બેઠકમાં આ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬થી ફિક્સ પગારદારોની નિમણૂંકો આપવામાં આવેલી છે તે કર્મચારીઓની વિવિધ કેડરોમાં હાલમાં મળતા પગારમાં ૬૩થી ૧૨૪ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. સાથે સાથે આ કર્મચારીઓની સેવાઓને પણ સળંગ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેનાથી કર્મચારીઓને પ્રમોશન અને ભથ્થાઓમાં પણ સવિશેષ લાભ મળશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે, પાંચ વર્ષના સમયગાળાને સળંગ નોકરી ગણવાથી કર્મચારીઓને ઝડપથી પ્રમોશન મળી શકશે અને જુદા જુદા ભથ્થાઓ મેળવવામાં પણ સવિશેષ લાભ મળશે. એટલું જ નહીં આ નિર્ણયની લાંબા ગાળાની અસર અન્વયે કર્મચારીઓને નિવૃત્તિ લાભમાં પણ ફાયદો થશે. તેમણે ઉમેર્યું હતું કે, ફિક્સ પગારદારની જુદી જુદી ચાર કેડરોમાં સાતમાં પગારપંચનો લાભ આપતા કર્મચારીઓના પગારમાં જે વધારો થયો છે. આ નવા પગારનો લાભ વિવિધ કેડરોના કર્મચારીઓને મળનાર છે તેમાં વિદ્યા સહાયક,, પોલીસ ઈન્સ્પેક્ટર, કોન્સ્ટેબલ, એએસઆઈ, તલાટી, શિક્ષણ સહાયક, કારકુન, પીએસઆઈ, ઓફિસ આસીસ્ટન્ટ, પેટા હિસાબનીશ, સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ચર, આંકડા મદદનીશ, જુની. ટેકનિકલ આસીસ્ટન્ટ, નાયબ હિસાબનીશ, હેડ ક્લાર્ક, નાયબ સેક્શન અધિકારી, અધિક મદદનીશ ઈજનેર, કચેરી અધિક્ષક, જુનિયર

● અનુસંધાન પાન-૭ પર

# આર્મ્સ એક્ટ કેસમાં સલમાન નિર્દોષ

## જોધપુર કોર્ટના ચુકાદાથી બોલિવુડમાં રાહતનું મોજુ ફેલાયું : ૧૯૯૮માં જોધપુરમાં હમ સાથ સાથ હૈ ફિલ્મનાં શુટીંગ દરમિયાન સલમાન ઉપર હથિયાર રાખવાનો આક્ષેપ કરાયો હતો : પુરાવાઓના અભાવે છુટ્યો



જોધપુર, તા.૧૮

બોલિવુડના દબંગ સ્ટાર સલમાનખાનને આજે મોટી રાહત મળી ગઈ હતી. બોલિવુડમાં પણ આ ચુકાદાથી રાહતનું મોજુ ફરી વળ્યું હતું. હાલના સમયના સૌથી મોટા સુપર સ્ટાર સલમાનખાનને ૧૮ વર્ષ જુના આર્મ્સ એક્ટ કેસમાં આજે નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. સલમાનખાન કોર્ટમાં પહોંચતાની સાથે જ ચુકાદો આપવામાં આવ્યો હતો. સલમાનખાન સામે આ ચુકાદો આવ્યા બાદ સલમાન પણ ભારે ખુશખુશાલ દેખાયો હતો. પુરાવાના અભાવમાં તેને મુક્ત કરવામાં આવ્યો હતો. કાળા હરણના શિકાર સાથે જોડાયેલા કેસમાં જોધપુરની કોર્ટે તેને મુક્ત કર્યો હતો. સલમાનખાન અહીં પોતાની બહેન અલવીરાની સાથે સેશન્સ કોર્ટમાં પહોંચ્યો હતો. થોડીક મિનિટો બાદ જ કોર્ટનો ચુકાદો આવી ગયો હતો અને સલમાનને નિર્દોષ છોડી મુકવાની જાહેરાત કરવામાં આવી હતી. આ અગાઉ જજે સલમાનના વકીલને અડધા કલાકની અંદર પોતાના ક્લાઈન્ટને કોર્ટમાં રજુ કરવા માટે આદેશ કર્યો હતો. સરકારી વકીલે કહ્યું હતું કે સલમાનખાનને શંકાનો લાભ મળી

● અનુસંધાન પાન-૭ પર

# હવે ઝડપથી રેલવેની ટિકિટ કન્ફર્મ થશે

## રિઝર્વેશન ક્લાસમાં અંતર નિયંત્રણ દુર કરાશે : રિઝર્વેશન ક્લાસના યાત્રીઓને રેલવે દ્વારા મોટી રાહત આપવામાં આવી : આ ક્વોટામાં અંતરના નિયંત્રણો દુર

નવી દિલ્હી,તા. ૧૮

રિઝર્વેશન ક્લાસના યાત્રીઓને રેલવે દ્વારા મોટી રાહત આપી દેવામાં આવી છે. રેલવેએ આ ક્વોટામાં અંતરના અંકુશને દુર કરવાનો નિર્ણય કર્યો છે. ત્યારબાદ યાત્રીઓને કન્ફર્મ ટિકિટ સરળતાથી મળી શકશે. આને લઈને રેલવે બોર્ડમાં પેસેન્જર માર્કેટીંગના ડિરેકટર વિક્રમસિંહ તરફથી ઝોનલ રેલવેના ચીફ કોમર્શિયલ મેનેજરોને આદેશ જારી કરી દેવામાં આવ્યા છે. ઝોનલ મેનેજરોને સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે આ આદેશ કોઈ નિર્ધારીત રૂટની જગ્યાએ સમગ્ર દેશના રેલવે રૂટની ટ્રેનો માટે છે. આવી સ્થિતિમાં અંતર નોંધણીને તાત્કાલિક અસરથી દુર કરવાનો નિર્ણય કરાયો છે. આ વ્યવસ્થામાં મોડીફિકેશન માટેનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. લાંબા અંતરની ટ્રેનોમાં રિઝર્વેશન ક્વોટા અંતરની દ્રષ્ટીએ નક્કી કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# સોનું વધારે મોંઘુ થશે

નવી દિલ્હી, તા.૧૮

સોનાની નવેસરથી ખરીદી હાલમાં બિલકુલ ઠપ થઈ ગઈ છે. આના માટેના કેટલાક કારણો રહેલા છે. સૌથી મુખ્ય કારણ એ છે કે હાલ કારોબારીઓ સોનાથી દુર દેખાઈ રહ્યા છે. અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ આપવામાં આવનાર તેમના ભાષણ પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ શપથ લીધા બાદ કેટલીક મહત્વપૂર્ણ જાહેરાત કરી શકે છે. આના કારણે પગલા પણ લેવામાં આવી શકે છે. ભારતની સાથે સાથે વિશ્વના બુલિયન ડીલરો અને ગોલ્ડ ટ્રેડર ટ્રમ્પના ભાષણ પર નજર કેન્દ્રિત કરી ચુક્યા છે. ટ્રમ્પ ૨૦મી જાન્યુઆરીના દિવસે અમેરિકાના નવા પ્રમુખ તરીકે શપથ લેનાર છે. માર્કેટમાં માનવામાં આવે છે કે ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ સોનુ વધારે મોંઘુ થશે. તેની કિંમતમાં વધારો થશે. કારણ કે તેમની નિતીના કારણે ભારત સહિત દુનિયાના બજારોમાં અનિશ્ચિતા વધી જનાર છે.

**ડોનાલ્ડ ટ્રમ્પની નીતિ પર નજર કેન્દ્રિત : સોનાની હાલમાં ખરીદારી બિલકુલ ઠપ જેવી રહી છે : ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પ્રમુખ તરીકે શપથ લીધા બાદ આપવામાં આવનાર ભાષણ પર વિશ્વભરના તમામ બુલિયન ડીલરો અને ગોલ્ડ ટ્રેડરની નજર કેન્દ્રિત થઈ**



ટ્રમ્પ ફેક્ટર ઉપરાંત અન્ય કેટલાક પરિબળ પણ રહેલા છે. ટ્રમ્પ ઉપરાંત બજારમાં હાલમાં પ્રવાહી સ્થિતી રહેલી છે. ભારતના તમામ કારોબારીઓની નજર હવે સામાન્ય બજેટ પર પણ કેન્દ્રિત થઈ ગઈ છે. જે પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર છે. બજારને આશા છે કે બજેટમાં સોના પર આયાત ચાર્જ ઘટાડી દેવામાં આવનાર છે. હાલમાં દેશમાં સોના પર ૧૦ ટકા આયાત ચાર્જ લાગુ થાય છે. ૨૨મી ડિસેમ્બરના દિવસે ગોલ્ડની કિંમત પ્રતિ ૧૦ ગ્રામ ૨૬૮૬૨ રૂપિયા રહી હતી. ત્યારબાદથી તેમા આશરે સાત ટકાનો વધારો થઈ ગયો છે.

# બજેટની તારીખ નહી જ બદલાય

## ૧લી ફેબ્રુઆરીએ રજૂ થનાર બજેટમાં ચૂંટણી રાજ્યો સાથે જોડાયેલી કોઈ મોટી ઘોષણા કરાશે નહીં

નવી દિલ્હી, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર બજેટ રજુ કરવાની તારીખમાં કોઈ ફેરફાર કરવાના મૂડમાં દેખાઈ રહી નથી. બજેટ પહેલી ફેબ્રુઆરીના દિવસે જ રજુ કરવામાં આવનાર છે. અલબત્ત સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે વિધાનસભા ચૂંટણી વાળા રાજ્યો માટે બજેટમાં કોઈ ખાસ પ્રકારની જાહેરાત કરવામાં આવશે નહીં. વિપક્ષે સરકાર સમક્ષ બજેટ રજુ કરવા માટેની તારીખને બદલી નાખવા માટે અપીલ કરી હતી. આને લઈને વિપક્ષે ચૂંટણી પંચ સમક્ષ પણ રજુઆત કરી હતી. સુપ્રિમ કોર્ટમાં પણ અરજી દાખલ કરવામાં આવી હતી. સરકારા ઉચ્ચસ્તરીય સૂત્રોએ કહ્યું છે કે બજેટ રજુ કરવા માટેની તારીખમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. વિરોધ પક્ષોનો આક્ષેપ છે કે મોદી સરકાર પાંચ રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં બજેટનો રાજકીય લાભ ઉઠાવી શકે છે. આને લઈને બજેટ રજુ કરવા

● અનુસંધાન પાન-૭ પર



# ખોડલધામમાં ભવ્ય ૨૧ કુંડી હવન આરંભાયો




## પટેલ સમાજના ઉદ્યોગપતિઓ જોડાયા : પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના બીજા દિવસેય મોટી સંખ્યામાં પાટીદારોનો ધસારો રહ્યો : સવારે આઠ વાગ્યાથી હવનનો પ્રારંભ

રાજકોટ, તા.૧૮

રાજકોટથી ૬૫ કિલોમીટરના અંતરે સ્થિત જેતપુર પાસે નિર્માણ પામેલા ભવ્યાતિભવ્ય ખોડલધામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો મંગળવારના દિવસે પ્રારંભ થયો ત્યારે મોટી સંખ્યામાં લેઉઆ પટેલ સમાજના લોકો ઉમટી પડ્યા હતા. શોભાયાત્રામાં પણ અનેક વર્લ્ડ રેકોર્ડ સર્જાયા હતા. હાઈવે ઉપર વન-વેની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. પ્રથમ દિવસે જ લાખો શ્રદ્ધાળુઓ કાગવડ પહોંચ્યા હતા. આજે ખોડલધામ મહોત્સવનો બીજો દિવસ હતો. આજે ૨૧ કુંડી હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારના આઠ વાગ્યાથી લઈને ૧૨ વાગ્યા સુધી હવનના આયોજન કરામાં આવ્યા હતા.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ડૉ. આર. એસ. કીરી (સિવિલ એન્જીનીયર)
પાયરાવાસ્તુ એક્ષપર્ટ, ફેંગશુઇ અને વાસ્તુશાસ્ત્ર એડવાઇઝર
પીરામીડ વાસ્તુશાસ્ત્ર
● વાસ્તુ સિદ્ધાંત શાસ્ત્રી ● વાસ્તુ સાગર ● વાસ્તુ શિરોમણી ● ઓનરરી ડોક્ટરેટ ઇન વાસ્તુશાસ્ત્ર
ભારત ઉપરાંત ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, અમેરિકા અને થાઇલેન્ડ જેવા દેશોમાં રૂબરૂ વાસ્તુ કન્સલ્ટીંગ દ્વારા ઘણાં લોકોને હકારાત્મક પરિણામો મળેલ છે.
શું આપનું ઘર, દુકાન, ઓફીસ કે ધંધાનું સ્થળ વાસ્તુશાસ્ત્ર મુજબ છે ?
જો વાસ્તુશાસ્ત્ર મુજબ ન હોય તો કોઇપણ જાતની તોડફોડ કર્યા વગર માત્ર પિરામીડ યંત્ર મુકવાથી વાસ્તુદોષ દુર થાય છે. અને સુખ, શાંતિ, સંપત્તિ, સમૃદ્ધિ અને સારુ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકાય છે. કોઇપણ કાર્યમાં અટકાયત, લગ્નમાં વિલંબ, ધંધામાં રૂકાવટ, અભ્યાસમાં ખૂબ મહેનત છતાં સફળતા ન મળવી વિગેરે માટે પિરામીડ યંત્રનો ઉપયોગ કરવાથી સફળતા મેળવી માનસિક, આર્થિક તથા શારીરિક શાંતિ પ્રાપ્ત કરી શકાય છે.
એપોઇન્ટમેન્ટ લઇને મળવું. મો.: ૯૪૨૬૬૫૧૦૨૦
૫, આતેશ સોસાયટી, વસ્ત્રાપુર રેલ્વે ક્રોસિંગ પાસે, વેજલપુર, અમદાવાદ-૫૧. ફોન : ૦૭૯-૨૬૮૧૧૦૨૦